॥ ॐ ॥

ભુજંગી.

રઘુવીર સીતાપતિ રામસીતા
રઘુવીર સીતાપતિ રામસીતા
રઘુવીર સીતાપતિ રામસીતા
પ્રભુરામ સીતા પતિરામ સીતા

શ્રી રામ લહરિ-લ્હેર ૮મી.

લેખક-બ્હેન માણેક મદનજી, કેશોદ-કાઠિયાવાડ

સ્વર્ગસ્થ અ૦ સૌ૦ વેલીબ્હેનના સ્મરણાર્થે

પ્રકાશકઃ-શ્રી સાધ્વી મંડળ-કરાંચી.

શ્રી રામનવમી-સંવત ૧૯૭૬

હરિગીત.

પ્રિય ! આત્મ ! મોક્ષાર્થે અને આ વિશ્વહિત અર્થે સદા,
તું ઉઠ ! જાગૃત થા ! જ પ્રાપ્ત થતાં લગી કદી જંપ ના;
કર્તવ્યતા પ્રાપ્તવ્યતા સાર્થકયતા ભણિ સત્ય તે,
અહી સ્વાનુભવતા સિદ્ધસંત સદૈવ આત્મારામ તે.

કિંમત-અમૂલ્ય.

પ્રથમાવૃત્તિ
પ્રત ૮૦૦
સને ૧૯૨૦

અમદાવાદ-શાહપુર, નવીપોળમાં આવેલ
શ્રી પ્રજાહિતાર્થ મુદ્રાલયમાં પટેલ ડાહ્યાભાઇ
દલપતરામે છાપ્યું.

રાગ—સહીઆરીનો.

પ્રતિબિંબીત છે સ્વામી સુર્યે, માનવ તો છે મૂર્ત્તિ એની,
[illegible] એનું, તારામાં ચમકારો એનો;
ગાન મધુરૂં પક્ષીઓમાં કરતો રોતો વૃષ્ટિ રૂપે,
નિશા શિયાળાનીમાં ઉંઘે, વહન કરંતી નદીમાં દે ડે.
ઇંદ્ર ધનુષની રૂડી કમાને, હરિવર હીંચકા ખાતો હેતે,
વિશ્વપતિના શ્વાસોશ્વાસે, આ વાયુ વાયે છે વિશ્વે;
પ્રકાશમાં તે પરમેશ્વરજી, પ્રકાશ આપી કુચ કરે છે,
રામ મણી ઝલકારે ઝગતા, વ્યાપક વિશ્વે આપ ફરે છે.

રાગ—સહીઆરીનો.

જીવની પાસે જો દુઃખ નાવે, ને જે બુદ્ધિદાયક દુઃખથી,
જડતો ઉત્તમ રીતે તે જો, બોધ કદી ના હૃદયે પેસે;
જો નિર્ભય કિનારો જીવડો, જીતી ચુક્યો અગર વિકારો,
પુરા થઈ ચુક્યા જો તો તો, પ્રવાસી જીવન છેકજ ભુલે.
મહાલયે તે હૃદયે ન ચોટે, ગંધ ન દુઃખની જરાય જ્યાંહ,
તેથી મૃત્યુ લૌકિક દુઃખને, ઉમર ભરનાં અઘરાં કામો
થી બચવાનું માગી થાવું, સુખે ન અરજી કરતી એવી,
કે કરૂણાથી કેશવ એવી, શક્તિ આપો જેથી મારે
ભાગે આવ્યું જે તે સહુને, જ્યારે પીડા શોક શમે કે
આધિનતાથી રામ મણીમાં સમાઈ જાઉં સુખ શાંતિમાં.

શ્રી રામ લહરિ-લ્હેર ૮ મી.

રાગ—સોરઠ ત્રિતાલ.

પ્રેમી પ્રેમે પ્રભુ પકડી પોઢાડે પારણે રે, બાંધે બારણે રે. ટેક.

હરિ પણ વૈકુંઠાદિક મેલે, વળી અયોધ્યા મથુરાં ઠેલે,

વન વન રઝળે જીવન કિંકર કારણે રે. પ્રેમી૦

પાપ પુંજ જનનાં નવ દેખે, પૂણ્ય થોડું પણ ઝાઝું લેખે,

સ્વલ્પ સ્નેહ પણ જોખે, ધીંગી ધારણે રે. પ્રેમી૦

શક્તિથી જડ ચેતન થાયે, જડ રૂપે ચેતન બની જાયે,

ભક્તો નજ બીંસાયે, ભવ ભય ભારણેરે. પ્રેમી૦

હૈયે હરખી પ્રીતે પરખી, રામ સ્નેહ સદ્‌ભાવે નિરખી,

આત્મ મણી ઝટ વારી જાવું વારણે રે. પ્રેમી૦

રાગ—લાલજી ચાખડાએથી પડયા ખડયા.

વ્હાલા કર્મ કઠણ અહ માઠા મારા મદી થયા

હો રામ સાચા સ્નેહી સીતારામ. ટેક.

વ્હાલા વ્હાલાં વેરી થઇને આઘાં ખસી ગયાં, હો રામ૦

વ્હાલા જેની આશા બાંધી છેટે જતાં રહ્યાં, હો રામ૦

વ્હાલા વ્હાલપ તો વિસારી વંઠી ગયાં વહ્યાં, હો રામ૦

વ્હાલા દાતારોએ તજી દીધી સઘળી દયા, હો રામ૦

વ્હાલા માનવ ધર્મ ગયો તો ગઇ મુળથી મયા, હો રામ૦

વ્હાલા સંકટ સ્નેહીનાં તો જાતાં નથી સહ્યાં હો રામ૦

વ્હાલા અંતે થાકી મુખે મણીરામે કહ્યા, હો રામ૦

રાગ—કેવું શું મારે તમને કાના નંદકુંવર નથી નાનારે.

પ્રાણ થકી છો પ્રિતમ પ્યારા ભવનિધિનાજ કિનારા રે. ટેક.
આપ વડે તરવાનું બારૂં, ડુબ્યાનું પરબારૂં રે
છોને નીર ભરેલું ખારૂં, થાજો નાથ ન ન્યારા રે. પ્રા૦
કોણ કરે સાધનની પરવા, ભાર નકામો ભરવા રે
પ્હાણો લઇ કો ચાહે તરવા, તજી સુકાની સારા રે. પ્રા૦
ભય મગરોનો લેશ ન મુજને, મારી ચિંતા તુજને રે
એ ચાવી છે હાથે જુજને, છે તે ન છે ડરનારા રે. પ્રા૦
કુંચી કેશવ કરૂણા મોટી, ચિંતનથી ચિત્ત ચોટી રે
વ્હાલા ! અધવચ કાં કર ખોટી, રામ મણીમય મારારે. પ્રા૦

રાગ—સદર.

જાશો ક્યાં શ્રીધર હે ! સ્વામી, હું છું હા અનુગામીરે. ટેક.
પ્રીતે પીંજરમાં પુરેલા, બાનાળા બહુ નામીરે,
સટકી જાવાથી શામળીયા, બહુ થાશે બદનામીરે. જા૦
ભક્તિ ભોગળ ભારે ભીડી, રાખેલ નથી કાંઇ ખામીરે,
જેવો તેવો નાથ નિભાવો, કપટી કુડો કામીરે. જા૦
સાંકળ સ્નેહી બાંધી રાખ્યા, હૃદયેશ્વર સુખધામીરે,
સર્વેશ્વરજી સવળા છોતો, છોને રહ્યો વામીરે. જા૦
રામજી ચિંતામણી છો રૂડા, હું છું પથ્થર ચામીરે,
જગજીવન ઝાઝું નહિ બોલું, જાણો અંતર જામીરે. જા૦

રાગ—સદર

કરવી કેશવ ! જો વિચારી, મારે ક્યાં લાચારી રે. ટેક.
તારો છું તારાથી આવ્યો, તેં આ જંગ મચાવ્યો રે,
આ સર્વે જે ખેલ રચાવ્યો, તે તારીજ હિચારી રે. ક૦

માત પિતા તું બંધુ મારો, દુઃખ દરિયાનો આરો રે,
ગોતે આધું ક્યાં નથી ન્યારો, સારો શુભ આચારીરે. કર૦
શક્તિ તારી શામળીયાજી, એશ બની બળીયાજી રે,
દેવાદિક તુજ પદમાં ઢળીયા, માયા કોણ બિચારીરે. કર૦
તારો ભજનારો તે ખાટે, દેખ્યું વાટે ઘાટે રે,
રામ મણી નિજ ભક્તો માટે, ગોકુળ ગાયો ચારીરે. કર૦

રાગ—ધીરાનો ધડુસાનો

હિમાલય શીખરો ભૂમી પડેરે, ત્રુટે મેરૂનું મુળરે
સાતે સાગર સુકે પૃથ્વી આ, ઉડી જાય બની ધૂળરે
છાંડે ન ભક્ત ગૃહી ટેકને.
સુર્ય શસી માર્ગ કદી ચાતરે રે, ગગન વીંટા પણ થાયરે
વાયુ મુઠી તલે રહી શકે, આગ ટાઢી થઇ જાય રે. છાંડે૦
અંજળી જળે ઘટજ છો બુડેરે, મરે જંતુથી કાળ રે
વરઘોડે ચડી ભલે નીકળે, કદિ વંધ્યાનો બાળ રે. છાંડે૦
ટેકીની ટેક નેક નવ ત્રુટે રે, પ્રભુ તેથી પ્રસન્ન રે
પકડયો મણિરામ હીરલો, રાખે રૂડું જતનરે. છાંડે૦

રાગ—સદર.

મોહરાજ લશ્કરો વાઢતાં રે, સંત આંચકો ન ખાય રે
જ્ઞાન અસિ હાથ ધરી ગાજતા, પુરા પડકારા થાય રે.
સંતોને બીક માયાની નથી.
કામાદિ મુંડ ઝુંડ કાપતાં રે, મુખે ગુરૂ મંત્ર ઘોષરે
કરતાં પડછંદા પાડતા કરે, તૃષ્ણાનો શોષરે. સંતોને૦
આપે પરિક્ષા રણ વીષે રે, ભણ્યા ગુરૂ કને જેહ રે
સંસાર વાસના સર્વથા, ત્રોડે દેહ અને ગેહ રે. સંતોને૦
વિરલા જાયા વીર માતનારે, હ્રદય પ્રેમે મસ્તાન રે
રામ મણિ નામને ગજાવતા, ભૂલે ભાન ગુમાન રે. સંતોને૦

રાગ—ઇંદ્રવિજય છંદ.

નિંદક હોત ન જો જગમાં, શું સભા શઠને કહો કોણ સુધારત;
નિંદક હોત ન જો જગમાં, ભવ વારિધી પાર કહો કો ઉતારત,
નિંદક હોત ન જો જગમાં, જમદ્વાર કુમારથી કોણ ઉગારત;
નિંદક હોત ન જો જગમાં, મણિરામ સ્વધામજ કોણ સીધારત.
નિંદક હોત ન જો જગમાં જમદૂતને ડાકલથી કો ભગાડત;
નિંદક હોત ન જો જગમાં, જગ માયિક ખેલ બધો કો બગાડત,
નિંદક હોત ન જો જગમાં, લગની હરિમાં કહો કોણ લગાડત;
નિંદક હોત ન જો જગમાં, મણિરામ પદે કહો કોણ પછાડત.
નિંદક હોત ન જો જગમાં, પુર પાપી પવિત્ર કહો કેમ થાતે,
નિંદક હોત ન જો જગમાં, દુર્ગુણ સદગુણ બની કેમ જાતે;
નિંદક હોત ન જો જગમાં, અધમાધમ ઉત્તમ હોત શી ભાતે,
નિંદક હોત ન જો જગમાં, મણિરામ સુધારસ શાથી પીવાતે.
નિંદક હોત ન જો જગમાં, નબળા સબળા ધ્વનિ કેમ ગજાવત,
નિંદક હોત ન જો જગમાં, હરિ હેતથી દુજો ન કોઇ ભજાવત;
નિંદક હોત ન જો જગમાં, નરનોજ નારાયણ કોણ બનાવત,
નિંદક હોત ન જો જગમાં, મણિરામ સુભક્ત જગે કો મનાવત.

રાગ—લલિતછંદ.

હે હરિહરા, આશ આપની, બીક બહુ મને જગત સાપની,
કદર તો નથી નાથ જાપની, સૌર ધરી ખરી પોટ પાપની.
અગન આ ઉડી ત્રીવિધ તાપની, શુદ્ધિ ના રહી ભુક્ષ ચાપની,
લાજ લેશ ના! અધમ છાપની, ઝુંપડી ભુલ્યો જગત બાપની.

વ્યાધિયો ઘણી દંભ દાપની, આધિઓ ઘણી હૃદય કાપની,
ઉપાધિઓ વળી આ અમાપની, શરમ ના થતી લેશ ધાપની.
ઝાળ અંતરે હા! ઉતાપની, ભાળ ના મળી શુદ્ધ ખાપની,
મણિ કૃપા વડે રામ આપની, બીક સહુ ટળે વિશ્વ ચાપની.

મનહર.

ઝુંપડી મળે જો એક ક્ષેત્ર તણી ઇચ્છા થાય,
ક્ષેત્ર મળે ગામ લેવા હામ દીલ રાખીયે;
ગામ ને ગરાસ મળે રાજ લેવા વૃત્તિ વધે,
રાજ મળે ચક્રવૃત્તિ થાવા મન ઝાંખીયે.
ચક્રવૃતિ થતાં પૃથ્વિ આખી લેવા ધાતો જાય,
તે ગળે પાતાળ સ્વર્ગ લેવા આશ દાખીયે;
બ્રહ્માંડનો ભૂપ થતાં આશ મન મરે નહિં,
મણિરામ સંતોષેથી મન મારી નાખીયે.

રાગ—માઢ.

નથી આ જગે કોઇ કોઇનું, વિચારી તો જુઓ
કપડાં કુબુદ્ધિ ખેલથી, કુવાડે કાં ધુઓ. ટેક.
આવ્યાં તેવાં જાવું અંતે, કોઇ કરે નહિ સાથ
પણ સાચું સમજાય ત્યારે, જ્યારે હેઠા પડે હાથ રે. વિ૦
નાગાં આવ્યાં ધાગો ન મળે, વાધાની શી વાત
ગગન કુસુમની જેવી વાડી, તેવી જગ પંચાત રે. વિ૦
કુકર્મો કરી ચાહે કુશળતા, એ તે ક્યાંની રીત
અંતરને અંધારે ઝુંડા, ભૂલે ભારે ભીત. વિ૦

ભીંતે માથું ફૂટે ત્યારે, ભાગે ભારી ભૂલ
પણ તે ટાણે સર્વ ઉપાયો ની છે કારી ફુલ રે. વિ૦
સંદીપ્ત ભવને કુપ ખનને ઉદ્યમ મિથ્યા હોય !
પુર પહેલાં પાળ પાકી થાયે, જો મણિરામ ભજાય. વિ૦

રાગ—ઘેલાં ભલે થયાં રે.

ડાહ્યા થવું નહિ રે, ડાહ્યામાં દૂષણ બહુ મોટાં. ટેક
ડાહ્યા ડેહોળા ડાહાપણ ડેહોળે, ડોળ ખરેખર ખોટા,
ચોરાની ચોવટ ચુકવે પણ, આપ અકલના ટોટા. ડાહ્યા.
અધ્યારી સારે દીન આખો, ઝાઝા વાગે ગોટા,
ન મળે ઘરની ઝુંપડી પડવા, પરના ભાંગે ઓટા. ડાહ્યા.
કાજી દુબળા શેહેર ફકરમાં, ફીકરતા ડોટડોટા,
પગમાં બળતું મૂકી માથે, જોય મૂરખના જોટા. ડાહ્યા.
પહોંચી ન શકે પાદર સુધી, કહેશે જાશું કોટા,
હવાઇ કીલ્લા બાંધે બળમાં, પણ પાણી પરપોટા. ડાહ્યા.
તોય મૂખનાં ઢાંકણ થઇને, સહન કરે બહુ સોટા,
શૂળીનાં ફુલ થઇને ડાહ્યા, ખમતા ઝાઝા ઝોંટા. ડાહ્યા.
મોટપ ભારે બહુ ભીંસાતા, પણ છોટાથી છોટા,
પ્રભુ મણિરામ વિમુખ ડાહ્યાના, નીકળી જાશે છોટા. ડાહ્યા.

રાગ—એજ.

મતમાં મળો નહિ રે, મેલા મતલબીયાંના મત છે. ટેક.
ધાખી ધન હરવાની ખાસી, ધૂતારાની ગત છે,
ભરમાયે ભોળાં જે ભીલાં, બુદ્ધિ જેની ગત છે. મતમાં.
ધૂતારાની વિદ્યા જાણે, નહિં ખબર કે ખત છે,
ધન ધુતવાનું ધણી તરફથી, મળેલ માને ખત છે ! મતમાં.

કૃપણપણું ને કુટિલતા વળી, કુમતિ કેરી છત છે,
પરમ તત્વ જાણી પરમારથ, કરવાની જ અછત છે, મતમાં.

કામી ક્રોધી લોભી લંપટ, લલુતાની બહુ લત છે,
છેડે છબતા જે નર તેને, લાગી ઝાઝી લત છે. મતમાં.

અકરમ કુડાં બહુ આચરવાં, એજ ખરૂં જ્યાં કૃત છે,
ધર્મ ધરી ધણીદ્વારે ધાવું, ગણાય એ અકૃત છે. મતમાં.

દાવપેચથી દાન લેનારા, ખરેખરા એ સંત છે,
દાન દીનને દેવાવાળા, મનાય એજ અસંત છે. મતમાં.

હડહડતું જૂઠું તે સાચું, માને એવા મૃત છે,
પ્રભુ મણિરામ કૃપાથી એવા, મતથી બચ અમૃત છે. મતમાં.

રાગ—એજ.

જ્યોત્તિ ઝગી રહીરે, જ્યાં ઝણેણાટ ઝાલરી વાગી.
મમતા રગ વહીરે ભય ભેદાયો ભ્રમણા ભાગી. ટેક.

ઝાલર જંગી શીંગી શબ્દો, વાગે સરસ સ્વરાગે
મૃદંગ નોબત ખંજરી ખાંસી, ધ્વનિ તો મિઠડા લાગે. જ્યો૦

પાંચ જન્યથી પ્રૌઢા શંખો, શબ્દાતીત સુરાગે
વાજે ગાજે ગગન ગુહામાં, ખેલું ખાંડે નાગે. જ્યો૦
ગેબી નાદે ભેદી નાખ્યો, માયા ગઢ સુભાગે
અદ્વય આનંદે એકાકી, શું રાગે વિરાગે. જ્યો૦

મણિ જ્યોત્તિ દ્યુત્તિમય માણું હા! કો ઉંધે કો જાગે
રૂપ ગળ્યું જ્યાં રામ રસાબ્ધે, કો આપે કો માગે. જ્યો૦

રાગ—મન કરી લેને વિચાર.

તન મન તલ પાપડ થાય, તાલાવેલી
બુદ્ધિ ગિરિધર ગુણ ગાય, ગાલાવેલી
મન અજપા જાપ જપાય માળા મેલી
હવે હૈડું નથી મુજ હાથ. ટેક.

બાણાવળીએ બાણુજ છોડયું, સારંગ ખેંચી ખૂબ
હૈયે વાગ્યું હૈયા કેરી, હૈયે રહી ગઇ ડુબ. લીધું ખેલી રે. તન૦
ગોઝારાએ ઘાયલ કીધાં, મારી કારી બાણ
ઘાયલની ગતિ ઘાયલ જાણે, પ્રેમી પ્રેમ પ્રમાણ. વૃત્તિ ઘેલી. તન૦
ખટક હ્રદયની ખટકે જેને, તેને અનુભવ હોય
અનુભવ વોણી અટકળ નાવે, નીર વલોવે કોય. ગોરસ ઠેલી. તન૦
ઘણુ ઘટડામાં પડીયો ભારે, કાળજ ફોલી ખાય
એ ચટકાની લહેજત ચાખે, ભાવઠ ભવની જાય. રંગે રેલી. તન૦
દર્દ દિલનું સમજે દરદી, એ દરદી ધુંચાય,
સ્વાનુભવની સમજણ એતો, વેદે નહિ વંચાય. સાખ ન સહેલી. તન૦
રામ રમણ મણિરૂપે માણ્યું, જાણ્યું પરમાનંદ
પ્રભુ પ્રકાશ અદ્રય ઓળખાયું, મચ્યો અખંડાનંદ. આનંદ એલી. તન૦

રાગ–નાથ કેસે ગજકો બંધ છુડાયો.

નથી રાખ ચોળ્યાની જરૂર નિહાળો, તાતી લાગે ત્રીકમથી
જો તાળી. નથી૦
રાખ ન ચોળવી બાવા ન બનવું, દેવું નથી ઘર બાળી,
થઇને સંન્યાસી શીખા સુત્ર ત્યાગી, ભમવું નથી ડાળી ડાળી. નથી૦
એ સહુ કરતાં પણ મન પ્રીતે, જો ન ભજે વનમાળી,
તો તો બારે બુડયાં ખાસાં, ટીલી રહી ગઈ કાળી. નથી૦
શ્રીપતિ પદમાં સર્વ સ્વભાવે, વૃત્તિને રાખવી વાળી,
ને ઘેર બેઠે તાન લગાવી, ભક્તિ ભજવવી સંભાળી. નથી૦
ચુંથણા ચુંથવામાં જે ધુંચાયા, શંકા શક્યા નહિ ટાળી,
પણ ભજનિકની ભજન પ્રતાપે, નાથે કરી રખાવાળી. નથી૦

સર્વ શાસ્ત્રો અને વેદમાંથી તો, નામ લીધું શીવે ચાળી,
નામ પ્રતાપે કરી પોતાનાં રાખે છે પરમેશ પાળી. નથી૦
રામ મણિ હૃદયેજ રમે, જગ રાત્રી બને અજવાળી,
પ્રભુ ગગને ધ્વનિ નામ ગજાવી, પડવું પદે દિલ ઢાળી. નથી૦

રાગ–લાવણી.

દેવા! કર દિલ દરિયાફ, ન કર ઈન્સાફ, દેય ક્યાં બાપ માફ કર વાંકો
મમ કર્મ કુડાંએ વાળ્યા આડા આંકો. દેવા૦
જોમાં તું મારાં પાપ, જગતના બાપ, ખાસ છો આપ તનય હું રાંકો
તારી તું સાચવ આંટ, ન ગણજે વાંકો. દેવા૦
તું તારૂં બાનું પાળ, પાપ મમ બાળ, અરે તત્કાળ, દોષ સહુ ઢાંકો
અવિનાશી! અપરંપાર ગુન્હા મમ હાંકો. દેવા૦
છળ કપટે પૂરો હુંજ, નાથજી છુંજ, પાળજે તુંજ, તજાવી ફાંકો
બિરદાળો તું મણિરામ, બાપ છો બાંકો. દેવા૦

રાગ–કલ્યાણ પંચમ.

ભક્તો વ્હાલા ભગવંતને
હરિવર વ્હાલા ધીમંતને. ભક્તો૦ ટેક.
પ્રાણ પ્રાણના જીવન જીવના
અન્યો અન્ય અનંતને. ભક્તો૦
ઐક્ય પરસ્પર એમ બનંતાં
સહજે મોક્ષ સુસંતને. ભક્તો૦
ભેદ ન ભાસે પુર વિશ્વાસે
બાનાં બળે બળવંતને. ભક્તો૦
રામ મણિ રૂપ વિલસે વિશ્વે
બ્રહ્માનંદ મહંતને. ભક્તો૦

રાગ-નવે કાંકરી ન્યારો પ્યારો.

જાળ કહો કેમ ટળશે, માયા જાળ કહો કેમ ટળશે હોજી. ટેક.
ફાંસી ગળામાં બંધાણી તે, કેશવ! કેમ નીકળશે હોજી
બાહ્ય સાધનો કોટી કરતાં, વેળુ વેઠે દળશે. માયા૦
જળમાં ચંદ્ર પ્રતિબિંબિંત તે, અગ્નિ વડે નહિ બળશે હોજી
હાય! મજુરી માથે પડશે, ઉલટી માયા છળશે. માયા૦
તરૂ કાપે શું કામ થવાનું, જો પંખીડાં પળશે હોજી
માત્ર ઉપાધિ હાંસલ જડશે, બીજું લેશ ન વળશે. માયા૦
અરે! રાફડો કુટયાથી જીવ, લાભ ન સાચો રળશે હોજી
મણિધર તો ધુંધવો માંહે, લાભે ઝેરજ મળશે. માયા૦
અંતર શોધ્યા વિણ બાહિરનું, સાધન એક ન ફળશે હોજી
ખરી યુક્તિ ના હાથ ધરી તો, જળ નીચાણે ઢળશે. માયા૦
અંદર બાહિર નીચે ઉપર, મણિમય જ્યોતિ જળશે હોજી
રામમણિમાં મણિરામમાં, આપો આપે ભળશે. માયા૦

રાગ-શું નટવર વસંત.

ભક્તિ લ્હાણુ કમાવા, સુગુરૂ દેવને ભજો
દેવને ભજો, વિકાર વિષમતા તજો. ભક્તિ૦ ટેક.
ગુરૂ ગોવિંદ વચ્ચે જરા, ભેદ ન ગણવો બાપ,
ગુરૂજી તે ગોવિંદ છે, ગોવિંદજ ગુરૂ આપ,
ભક્તિ એમ રળી સ્નેહ સામ્ય સદ્રૂપે સજો
સદ્રૂપે સજો, થનાર હોય તે થજો. ભક્તિ૦
પરાપરે પરબ્રહ્મ જ્યાં, મન વાણી લાચાર,
તેની સાન તણા ગુરૂ દેવજ છે દાતાર,

વ્યક્તિ ભાવ ગુરૂ દેવમાં ન લેશ રાખજો
લેશ રાખજો, નમી પદ દેહ નાખજો. ભક્તિ૦
શ્વાન સુવર વરૂ જાતના, જીવને મળતા સંત,
સિંહ બનાવે હલકમાં, સદ્દગુરૂ દેવ મહંત,
પંક્તિ ગુરૂને ગોવિંદ થકી, પ્રથમ આપજો
પ્રથમ આપજો, સુકંજ ચર્ણ ચાંપજો. ભક્તિ૦
રામમણિ ગુરૂદેવને, ગુરૂ દેવા મણિરામ,
ઐક્ય ભજો ભાવે ભલા, આપે બનો અકામ,
મુક્તિ હાથમાં રમાડી, રમ્ય રંગ પામજો
રંગ પામજો, સ્વધામ માંહે જામજો. ભક્તિ૦

રાગ—અલબેલી રે અંબે માત.

ભજવાલાયક શ્રીરામ, બીજો છે જ નહીં,
ભજી લો ઝટ છોડી કામ, બીજો છે જ નહીં. ટેક
શ્રી રઘુવીર સમાન જગતમાં, નથી કૃપાળુ કોઇ રે,
પૂરણ પ્રેમ ભર્યો નિજ જન પર, લેજો મનમાં જોઇ. બીજો૦
કોણે કૃપા કરી કોળી પર, ભીલ ભવમાંથી તાર્યા રે,
ભક્તોની રક્ષા કરવાને, દાનવ કોણે માર્યા. બીજો૦
કોણે મિત્ર કર્યો કેવટને, વાનર રાખ્યા સાથ રે,
કોણે મંત્રી કર્યા રીંછોને, હસીને ઝાલ્યા હાથ. બીજો૦
કોણે પથ્થર તાર્યા જળમાં, સાગર બાંધી પાજ રે,
કોણે મોત મુખેથી કાઢ્યા, હતા કાળનું ખાજ. બીજો૦
ભીલડીનાં બોર કોણે ખાધાં, ગીધને લીધો ખોળે રે,
કોણે શત્રુ બ્હીકથી બચાવ્યા, ક્ષણમાં દીવસે ધોળે. બીજો૦

ક્ષીરસિંધુ વૈકુંઠને કોણે, તજીયાં નિજ જન માટે રે,
ચૌદ વરસ અણવાણે ચરણે, ચાલ્યું કોણ ઉવાટે. બીજો૦
અજર અમર અજને અવિનાશ, ભક્તિવશ ભટકે રે,
જીવડા તું કાં ભજતાં તેને, ભડકીને છટકે. બીજો૦
સંત તારવા દુષ્ટ મારવા, યુગ યુગમાં જે પ્રકટે રે,
મણિ મન રામ તજીને મુરખ, ફર માં નાકે નકટે, બીજો૦

રાગ-એજ.

ભટક્યો ભવમાં હું રામ, આખર અહીં આવ્યો,
દામોદર દે નિજ ધામ, આખર અહીં આવ્યો. ટેક.

સાગર જળ વરસાદ સ્વરૂપે, પડયું પૃથ્વિપર જેમ રે,
ભટકી ભટકી દરિયે જાતાં, સ્થિર થયું ત્યાં તેમ. આખર૦
વડલે શાખા બહુ વિસ્તારી, સારો બાંધ્યો ફાલ રે,
અંતે સૂખ બીજરૂપે મળિયું, એમ થયા મુજ હાલ. આખર૦
જન પરદેશ કમાવા કાજે, રઝળે ભૂલી ભાન રે,
જન્મ ભુમિની ઝુંપડી દેખે, ત્યારે આવે સાન. આખર૦
હું પણ તુજથી થયો વિખુટો, ફર્યો કર્યા બહુ ધંધ રે,
પણ સાચા સુખની હે સ્વામી, લેશ ન આવી ગંધ. આખર૦
વિધ વિધ દેહ ધર્યા મેં જગમાં, જોયા સર્વે લોક રે,
સ્થળે સ્થળે વિપત્તિ બહુ વળગી, જરી ગયો નહીં શોક. આખર૦
સ્વર્ગ મૃત્યુ પાતાળ નર્કમાં, વસીયો સઘળે ઠામ રે,
જુદાં જુદાં ત્યાં સગાં સંબંધી, કોઈ ન આવ્યું કામ. આખર૦
સર્વે આખર દે હડસેલી, સ્વાર્થે પ્યાર બતાવે રે,
સ્વાર્થ સર્યો કે વૈદ વેરીસમ, અંતે અતિ સતાવે. આખર૦
પ્રભુ મણિરામ ગણી પોતાનો, હોંસે શરણે રાખ રે,
દુરિત દોષ મારાં હોયે તે, ઉંડી દરિયે નાખ. આખર૦

રાગ—એજ.

મંગળમય આ નવરાત્ર, રમતાં નવ ચંડી,
મનહર સુખકર શુભ ગાત્ર, આનંદ નવખંડી. ટેક.
ભક્તોને વૈભવ દેનારી, કરે સુરાસુર સેવ રે,
જેની હજુરે આવી નમતા, બહુ દેવાધિ દેવ, રમતાં.
સુર નર મુનિવર સેવા લાવે, જગ જનુની પાસ રે,
મુદ મંગળ સિદ્ધિ સહુ પામે, અંતર અતિ હુલાસ, રમતાં.
શરદ પુનમની ચંદ્ર સમાને, મુખ ઝળકે છે માત રે,
ઢાલ કવચ તલવાર ધર્યાં છે, બાણ ધનુષ વિખ્યાત, રમતાં.
ત્રપશુળભેદક ત્રીશુળ કરમાં, ઝળકે વીજ સમાનરે,
જગત બધું જયકાર કરે છે, ઘણું કરે ગુણ ગાન, રમતાં.
પ્રેત પિશાચ ને ડાકિની શાકિની, ભૂતગણોની જાળરે,
તુંહી તુંહી મા ચરણ પુકારે, દેખી રૂપ કરાળ, રમતાં.
હિમસુતા ત્રય લોક નિપાવની, પાલન પણ કરનાર રે,
અંતે પ્રલય કરી સહુ લોકો, નિજ રૂપે રહેનાર, રમતાં.
જ્યાં જ્યાં વૈભવ જ્યાં જ્યાં શકિત, એ સહુ માનું રૂપ રે,
માત કૃપાથી મછર થાતા, બ્રહ્માંડોના ભૂપ, રમતાં.
હે કરૂણાળી હે બીરદાળી, દે ટાળી સહુ દુઃખ રે,
જન મણિરામ શરણુમાં ધાતાં, નિત્યે રહે સન્મુખ, રમતાં.

રાગ—એજ.

શું થયું મળ્યો નર દેહ, જીવન નવ જાણ્યા,
હાથે હોમાણો ચેહ, ભોગો ખુબ માણ્યા. ટેક.
ઉદય ન દેખી શકયો બીજાનો, અદેખાઇ ભરપૂર રે,
સ્વાર્થ વિષે સપડાઇ મુવા તે, કામી, ક્રોધી, ક્રુર, જીવન.

કથા કીર્ત્તને ક્લેશ ટાળીને, પામ્યો નહિ આનંદ રે,
ગામ ગપાટા હાંક્યા કાં તો, વળગ્યો ઉંઘનો ફંદ, જીવન.
સુર સાધુ દર્શન નહિ કીધાં, કોડાં જેવી આંખ રે,
દેખે તો પણ અંધ બરોબર, આવી મદની ઝાંખ, જીવન.
કાને કૃષ્ણ કથા નવ આવી, એ સર્પોના ભોણ રે,
કોડીયાં પણ એનાથી સારાં, સમજુ કહે ન કોણ, જીવન.
જીભલીએ જગજીવન જશને, નવ ગાયા ધરી હામ રે,
આભડછેટ ડાચામાં પેઠી, ચોખે ચોખું ચામ, જીવન.
સદ ઉપદેશ લખી ન શકાયા, ન થયાં સેવા દાન રે,
હાથ ન તે બાવળની ડાળો, શરમ શરમ નાદાન, જીવન.
હરિદ્વારે કે તિર્થાટનમાં, જો નવ ચાલે ટાંગ રે,
એ ટાંટીયા પર માર કુવાડા, ભાંગ્યા જોગા ભાંગ, જીવન.
સર્વભાવ મણિરામ પદે, રાખી જો જીવ નહિં ઝૂક રે,
આડી વાટની ધૂળ તુજ ડાચે, જગ બાધાનું થુંક, જીવન.

રાગ—એજ.

મન મૂકી દે અભિમાન, માની લે મારૂં,
અમતી કર માં ગુમાન. કાંઈ નથી તારૂં. ટેક.
અંતસમામાં જ્યારે જોગે, સુઈશ તાણી સોડ રે,
મનોરાજ્ય સૃષ્ટિ લય થાશે, થશે ન પૂરા કોડ, માની.
હીરા મોતી માણકના જે, કરતા વણજ વેપાર રે,
કાંઠા તૂટલ હાંડી આખર, લઇ ચાલ્યા નિરધાર, માની.
ઠામ ઘણાં કીધાં તાં સારાં, ત્રાંબા પીતળ હેલ રે,
એકે વાટકી અર્થ ન આવી, કર માં કામી ગેલ, માની.
જશ જેના જરના આ જગમાં, ચારે દીશ ગવાતા રે,
એવા હાથ ખંખેરી ચાલ્યા, જમ દાઢે ચવાતા, માની.

જેના હુકમે દુનિયામાંહે, થઈ રહેતો થથરાટ રે,
એવા નરને કરાળ કાળે, કરાવીયો કકળાટ, માની.
ફોજો જેની પાછળ ફરતી, મસ્તીમાં ગુલતાન રે,
ચડપો ચડપ ગયા તે ચાલી, ફર્યું ન જમ ફરમાન, માની.
કાળ અતિ વિકાળ ખરો છે, ગણે ન રાજા રાંક રે,
હાથે કરી પડ તેના મૂખમાં, ત્યાં તેનો શું વાંક, માની.
તારા દિલમાં દેવ દયાળુ, શાંત બની કર ખોજ રે,
મણિરામ પદમાંજ પડીજા, રટણ કરી લે રોજ, માની.

રાગ-એજ.

હારૂં હારૂં રે મનજી મૂઢ, તારાથી તોબા,
વારૂં વારૂં રે થા ન વિમૂઢ, ડર ડર ડર ડોબા. ટેક.
ભગવત પદની પ્રેમ પ્રસાદી, પા પી કાં ન ચહાય રે,
ખાંત કરીને ખૂટલ ખંધા, વિષયની ગોળી ખાય, તારા.
વિરાગ રાખે નહિં સ્વપ્નામાં, રાગી થઇ રગડાય રે,
વળવાનું શું તારૂં તેમાં, વિચાર તો શુભ થાય, તારા.
વિષય લીંબડો કડવો ભારે, સમજુ ભડકી ભાગે રે,
કામ સર્પ કરડે તેને નહિ, લેશે કડવો લાગે, તારા.
તારી પણ છે તેવી અવસ્થા, તોય જરા ન તું જાગેરે,
વિષ ઉતારવા વાળાની જો, ઝાપટ જબરી વાગે, તારા.
હાલત દેખી ઉંધી તારી, જીવડો અતિ ગભરાય રે,
જંપ વળે ન અજંપો વ્યાપે, શોચે ઉર ઉભરાય, તારા.
હરિ ઉપકાર સ્મરી લે ચિતે, ચિંત્વન તેનું માંડરે,
મુંઝવણમાં મરી જા માં મોહે, કુચ્છંદ કેડો છાંડ, તારા.

જગજીવન વગડે વાટ પાડુની, ઝાઝી વાગે હાકરે,
લૂટી લેશે ધોળે દહાડે, ઘર ઘર તેની ધાર, તારા.
મણિ પ્રભુતા સમજીને સાચી, કર દ્વારે પોકાર રે,
રામ દયાળુ રીઝસે પ્રેમે, શુણી તારો હોકાર, તારા.

રાગ—એજ.

કરગરી કહું જગનાથ, હરિવર ધર હાથે,
અંધારે મરૂં અનાથ, રઘુવર લે સાથે. ટેક.
સહુમાં સમતા રાખી સ્નેહે, અભિમાન મદ છોડું રે,
આધિન રહું તારી મરજીને, તારામાં ચિત ચોડું, હરિ.
સારૂં નરસું સરખું સમજી, પકડું પાલવ તારો રે,
સત્યદંડ દિલમાં દૃઢ રાખી, તજું આ જૂઠો આરો, હરિ.
છતે બળે નિર્બળ બની રહીને, ઇચ્છાનો કરૂં નાશ રે,
તારી ઇચ્છા તે ગણી મારી, કરતો રહું પ્રકાશ, હરિ.
મીઠું વાળી મુજ મરજીમાં, તારી આજ્ઞા જાચું રે.
સાચા માર્ગો તુજ બતાવે, તે પકડું ને રાચું, હરિ.
અંધકાર માંહે અથડાતા, થયો અતિ હેરાન રે,
ભય ચારે દિશ વીંટી ઉભા, જગ લાગે વેરાન, હરિ.
તાત તપુંછું દયા કરીને, મુક્ત કરી દે મુજનેરે,
પ્રેમામૃત પાતા જગ બાપા, શી તકલીફ છે તુજને, હરિ.
આશા એકજ છે અવિનાશી, મુજ અંતરમાં માત્રરે,
ક્યારે પહોંચુ પ્રિયતમ પાસે, બની કૃપાનું પાત્ર, હરિ.
અન્ય ન ઇચ્છા અંતરજામી, એ માગું મણિરામ રે,
આનંદામૃતમાં ઝીલાવી, પૂર્ણ કરી દે કામ, હરિ.

રાગ—એજ.

શુણી સમજો મનમાં સાર, શ્રવણે વાત ધરો,
તો પામો ભવ ભય પાર, શ્રવણે વાત ધરો. ટેક૦
આ દેહ તણું અભિમાનજ મૂકો, જુવો વિચારી વાત રે,
શું શું વસ્તુ તે બનવામાં, ભેળી મળી સાક્ષાત, શ્રવણે.
હાડ ચામ ને માંસ મજા જયાં, રૂધિર નસોની જાળરે,
ધાય પરૂ બડખા ને વિષ્ટા, મુત્ર લીંટનો માળ, શ્રવણે.
આંતરડાં જોતામાં કેવાં, સુગ ચડાવે હાયરે,
એવી ગંધી આ કાયામાં, મમતા શેની થાય, શ્રવણે.
બરણીમાં બે વરસ રહે પણ, ઘી કદીએ ન ગંધાય રે,
તેનાં પકવાનો પડે પેટમાં, ક્ષણમાં વિષ્ટા થાય, શ્રવણે.
કુર કુર કુર કુર કરે કરમીયાં, શીર કીડા કલબલાટ રે,
વાત કરૂં ત્યાં લાજી મરતો, મન પામે કકલાટ, શ્રવણે.
એવી અધમ ચીજો સંતાડો, મઢેલ માથે ચામ રે,
વિષ પણ ગોળે વિંટયું તેને, ખાઇ મરે તમામ, શ્રવણે.
અધમ શરીર અધમતામાંથી, ઉત્પન થયું જ આપ રે,
નામ લઈ તો શરમ ચડે છે, પ્રગટ પણે છે પાપ, શ્રવણે.
મુકી મમતા આ તનમાંથી, રામભજનમાં ચાલો રે,
અણિમય રામ કૃપાથી વ્હાલા ! અમરાવતીમાં મહાલો, શ્ર.

રાગ—એજ.

મન માન્યો મિથ્યા ભાસ, એ રૂપ માયાનું,
કલ્પેલો જે અભ્યાસ, એ રૂપ માયાનું. ટેક૦
જેમ ભીખારી પડયો પડયો, દિલ કરે કલ્પના ચોકરે,
તેમાંથી કાંઇ પણ નવ બનતું, વિચાર સઘળા ફોક. એ૦

આ પુત્રો ધન સ્વપ્ને મળતાં, તેની સાથ વિલાસરે,
ક્ષણુ સાચું પણુ અંતે ખોટું ફોકટ સર્વ પ્રયાસ. એ૦
નર હાથી ઘોડા કે નગરે, વાદળમાં દેખાય રે,
થઇ થઇ નાશ પલકમાં પામે, અમથો ભાસજ થાય. એ૦
મોઢે લાખ કરોડ રૂપૈયા, સાચા બકવા માત્ર,
વાત કરે કોડી નથી મળતી, મફતે કંપે ગાત્ર. એ૦
દશરામાં સોનું લ્યો સોનું, એમ વદે બહુ લોકરે,
સોનું નહિં પણુ ઝાડ પાંદડાં, પડે નામની પોક. એ૦
સતી જાય બળવાને કાજે, ધરી ઘણુા શણુગારરે,
મશ્નાણુમાં રોવા જેવો છે, માયાતણો વિકાર. એ૦
નામ લક્ષ્મીને ભીખ માગતી, નામ સુરજ ને અંધરે,
કુબેર ભુખે ભટકી મરતો, એ માયાના ધંધ. એ૦
નાટક કરતાં પાત્રો જુજવાં, ધરે દેવનાં રૂપરે,
ખોટા એ આભાસ જુદા છે, રામ મણિ જન ભૂપ. એ૦

રાગ—એજ.

દામોદર દીન દયાળ, પ્રભુ તારે શરણે છું,
કરૂણા કરજો હો કૃપાળ, પડયો તુજ ચરણે છું. ટેક.
આ અવનિમાં આવી હું તો, ધાયો ધંધે ધાપે રે,
રખડયો રઘવાયાની પેઠે, પેટજ પોષ્યું પાપે. પ્રભુ.
ધોબીના કુત્તાની પેરે, વાટે ધાટે ભટકયો રે,
ભટકી ભટકી થાકયો, તો પણુ ચિત્ત ન લાગ્યો ચટકો. પ્રભુ.
ઝેર હળાહળ જેવા જગતના, વસમા વિષયો ચાખ્યારે,
ડંખ અભાગી હૃદયે લાગ્યા, મુખડે રામ ન રાખ્યા. પ્રભુ.
સંત ચરણુ રજ અનંત કૃપાથી, અંતર ધા કંઇ વાગ્યોરે,
શઠથી શઠ મણિરામજ ચરણે, અંતે હવે હું લાગ્યો. પ્રભુ.

રાગ—એજ.

શ્રી રામ ભજો સુખકાર, સીતા રામ ભજો
સહુ સાજ સુખકાર, ભુંડી હામ તજો. ટેક.
ભજવા લાયક અતિ સુખદાયક, રઘુકુળ નાયક એકરે,
દુઃખ વિદારક ધર ધનુ સાયક, જગપાલક બડ ટેક. સીતા.
શરણુ ન બીજું એ સમ જગમાં, જન ગુણુ ગ્રાહક નાથરે,
ભજતાં ત્યારે દુઃખ વિદારે, ચ્હાવો તેનો સાથ. સીતા.
રમાપતિ જગપતિ જગતમાં, સભર ભરેલો છેજ રે,
પરમાનંદ નિધિ નારાયણુ, વિશ્વે વ્યાપક એજ. સીતા.
ગુણુ ગણુ ગણુતાં ગણુપતિ સાથે, અનંત જાતા હારી રે
આરત નાદ પડે જો કાને, દે છે કષ્ટ વિદારી. સીતા.
જાત કુજાત ન નાત ભાતની, લેશ ગણુતરી તેનેરે,
કુમતિ કુટિલ કંકાશી કુડા, ભજતાં સરખા એને સીતા.
અધમાધમ પણુ નામ જપે તો, ભવભય સહજે ટાળેરે,
આશા ત્રાસ કે ભાવ કુભાવે, ભજન કરે દુઃખ બાળે. સીતા.
ખાય બગાંસાં રામ કહેતા, તેને પણુ હરિ તારે રે,
પતિતને પાવન કરવા, વિસ્તારે જશ અવતારે. સીતા.
મુની મન ભમરા ચરણુ કમળમાં, ગુંજારવ જ્યાં કરતારે, સીતા.
પ્રભુ મણિરામ પરમ કરૂણાળુ, અનાથને આદરતા. સીતા.

રાગ—એજ.

હરિ મારગ અગમ અપાર, ગમ નહિ ગોલાને,
મન વાણી ત્યાં લાચાર, દુઃખડાં ડોળાને. ટેક.
એકજ ઇશ્વર છે અવિનાશી, ધરીયાં રૂપ અનેક રે,
પ્રાણી પંખી પશુ ચરાચર, ભિન્ન જ નહિ કોઇ છેક, ગમ.

નટવો ખેલ અનેક બનાવે, જુદાં નામને રૂપરે,
નામ રૂપતો મિથ્યા સર્વે, પોતે એજ સ્વરૂપ, ગમ.
પ્રપંચ પારે પરમેશ્વર છે, પ્રકટ પ્રતાપી પૂર રે,
સમજે છે કોઇ શાણા સેતો, ભડકી ભાગે ભૂર, ગમ.
સહેલી સમજણ નવ સમજાયે, નડતો માયા વાદ રે,
વાદ ટળે તો પુરૂષ પોતે, સમર્યા આપે સાદ, ગમ.
પોતે પોતા રૂપ પ્રકાશી, સભર સઘન શ્રી નાથ રે,
અનુભવીયાં શિર લાજ ન જાણે, તેનો ઝાલે હાથ, ગમ.
સાકારે સપડાય ન સ્વામી, નિરાકારી ન્યારો રે,
ગોવિંદાની ગત છે ગુઢી, પ્રેમી પેખે પ્યારો, ગમ.
ઝળકે જ્યાત જગતમાં જબરી, ઘુવડને અંધારૂં રે,
ગેંગો ફુલની ગંધ શું પામે, નાક બળ્યું ગંધારૂં, ગમ.
સકળ ઘટે સર્વેશ્વર બોલે, અકળ કળા ન કળાય રે,
રામ મણિજન પરે દ્રવે તો, ઝટપટ જ્યોત ભળાય, ગમ.

રાગ—ચાલ્યો જા નંદના છૈયા.

અખિલ જગનાથ કૃપાળા, રઘુવર દીન દયાળા,
જપું તુજ નામની માળા રે. ટેક.
માધવ આ ભવમાં ભટક્યું, ઝુંડો થઇ ભયહાર,
રાઘવ લાગત નહિં આવી, નાથ શજો દુઃખ હાર,
જોશો નહિં કામો કાળા, જપું.
હરિવર શ્રીવર નટવર નાના, દશરથ નંદન દેવ,
હાય હરાયો થઇને ધાયો, કરી નહિં તુજ સેવ,
ખોલો મારા મનનાં તાળાં, જપું.

પિંડ બ્રહ્માંડે એક અખંડ છો, આપ અદ્વિતિય નાથ,
માથ નામ્યું નહિં નાથજી ચરણે, ભવમાં ભૂલ્યો પાપ,
ચિત્તે ચઢ્યા ચાવળા ચાળા, જપું.
પ્રાણુના પ્રાણુને સુખનું સુખને, જીવનું જીવન આપ,
આનંદ અવધિ રામ રટ્યો નહિ, પુરણુ લાગ્યાં પાપ,
છોડો નહિં છેલ છોગાળા, જપું.
તું જ વિષ્ણુને તુંજ પ્રભુ છો, તુંજ સ્વયંભુ શ્યામ,
બ્રહ્મ અનાદિ નામ મુકીને, વળગ્યો વેઠે વામ,
ગોવિંદા વસમા ગાળા, જપું.
ભવજળ તારણુ દુઃખ વિદારણુ, જગકારણુ જગદીશ,
કાલક લોલક હાય થયો પણુ, અંતે નામી શીશ,
ચરણુમાં કરતો ઢાળા, જપું.
સરલ સુશીલ સુનાથને ઝાઝું, કહેતાં મોટી ખોડ,
રામમણિ તુજ શરણે પ્યારા, પડયોછું કર જોડ,
ચતુર છો ચેતવા વાળા, જપું.

રાગ—ગરૂડે ચઢી આવજો ગીરધારી.

માયા મનમાંથી ઉત્પન્ન કીધી, સૃષ્ટિ નહોતી ત્યાંથી રચી દીધી,
કે વાટડી ઝાલવી સીધી, મજુર મટી માણુવી સુમાશીશી.
મૂળ વિના સંસાર મંડાણો, સારો કેડો હતો તે છંડાણો,
જીવ ખાડમાં હાથે ખંડાણો, મજુર.
કલ્પનામાં કબાડું આ કીધું, ઉપજાવી ઘોળી ઝેર પીધું,
નિજ છાયા ભાળી દિલ બીધું, મજુર.
મોહ મચવ્યો મનોરથે ભારી, પીડાય માથે લીધી પરભારી,
આપે ઓપનો છેજ આભારી, મજુર.

વાસનાથી વસોવીયું વારી, કાશમાં ન શકયો પરવારી,
હવે આવી છૂટયાની આ વારી, મજુર.
ઇંદ્રિયોને અંતરમાં લે તાણી, ઘણો કાળ ભમી છે બ્હેંચાણી,
કરી લે તકે સારી કમાણી, મજુર.
ભવ ભાવ બધો ભૂલી જાને, ધરી રાખ સુધર્મ ધ્વજાને,
કાટ કાપી કુકર્મ કજાને, મજુર.
મન કહે તે કરવાનું મેલી, ટાળી નાખ વૃત્તિ મંદ મેલી,
વૃત્તિ કર મણિરામે રમેલી, મજુર.

રાગ—સુરત શહેર બળયું તે.

ભવમાં તું ભમ્યો ભવ કેટલા જો,
નહીં ગણતાં ગણાય ગધ્ધા એટલા જો. ભવ.

ઘણો ભમતાં ભવાબ્ધિમાં ભાટકયો જો,
દુઃખના તું દરિયામાં પાટકયો જો. ભવ.

મનમાંહે ભર્યો ભુંડા મોહને જો,
જડી રાખ્યું છાતીયે લોભ લોહને જો. ભવ.

કુડી કલ્પના કરીને કઠોડે ચડયો જો,
પુરા પાપના પહાડથી પ્રાણી પડયો જો. ભવ.

નહીં સુઝયો સુપંથ શઠ પાધરો જો,
પ્હેરી રાખ્યો મમત મદ ધાધરો જો. ભવ.

ઘણી ઉંચનીચ યોનિમાં આથડયો જો,
ઘણા ભુંડા ભાગમાં આખડયો જો. ભવ.

નહીં માની શીખામણ સંતની જો,
અતિ હિંસા કીધી જીવ જંતની જો. ભવ.

બંદા ચેત હજી ચિત્તમાં ચતુર થા જો,
મણિરામ ગુણ ગ્રામને ગમાર ગા જો. ભવ.

રાગ—એજ.

સુખ કાજે શું દોડતો અભાગીયા જો,
ઘણા કષ્ટોના કાંટા વાગીયા જો. સુખ.
અહ્યા માગ્યું મળે ન કાંઈ માન જે જો,
મળે માગ્યું સૌ શ્રેય શુભ સ્થાન જે જો. સુખ.
નથી માગતાં મેઘ કદી વરસતા જો,
મળે માગ્યા કાં જીવ જાય તરસતા જો. સુખ.
મોત જેવું એ ન મળે કદી માગતાં જો,
નથી મરતા ઘણા ઘા વાગતાં જો. સુખ.
જરા માગવા થકી સૂખ જો મળે જો,
તો તો દુનિયાં બધીનાં દુઃખો ટળે જો. સુખ.
કોઇ દુઃખી ન થાય કદી લોકમાં જો,
સહુ સુખથી વસેજ અશોકમાં જો. સુખ.
સુખ દુઃખ લાભ હાની બધાં ફોક છે જો,
વિઠલ વેગળો વસે તેને શોક છે જો. સુખ.
પ્રીતિ રાખ સ્વાદ ચાખ જરા શાંતિનો જો,
મણિરામ રોગ ટાળશે ભ્રાંતિનો જો. સુખ.

રાગ—એજ.

હરિ ભક્તપરે ભાવ ભલો રાખતા જો,
પ્રભુતાને ભુલી પ્રેમ દાખતા જો. હરિ.
અજીત નામ જેનું વિશ્વમાં ગવાય છે જો,
વશીભૂત બની દાસથી જીતાય છે જો. હરિ.
વિશ્વ બાધું બાંધ્યું છે કર્મ દોરડે જો,
બાંધી નાંખ્યું માયાતણે ઓરડે જો. હરિ.

અખંડ એક બ્રહ્મ એજ કોને ના ગણે જો,
જશોદાએ બાંધ્યા તાણી નોંઝણે જો. હરિ.
જેની માયામાં બ્રહ્મ શિવાદિક રમે જો,
તે તો તાલ બજાવી ગોપી ગ્રહ ભમે જો. હરિ.
અખિલ વિશ્વ જાય છે જેને વારણે જો,
ભીખ માગી બળી તણે બારણે જો. હરિ.
જેનું નામ લેય તે ભવ ઝટ તરે જો,
અંબરિષ હિત વાર દશ અવતરે જો. હરિ.
જેનું ધ્યાન મુની યોગ વિરાગે ધરે જો,
વાનર રીંછોની સાથ સ્નેહે ફરે જો. હરિ.
હાજર હુકમે રહે દેવાસુર સભા જો,
બણીદાર છડીદાર બનીને ઉભા જો. હરિ.
રઘુવીરને સેવકપરે પ્રીત છે જો,
મણિરામને નિવાજવાની રીત છે જો. હરિ.

રાગ—ગરબી.

મૂખ એક મતિ બે ભાન, જયગુરૂ દેવા રે,
લવલેશ કરૂં ગુણ ગાન, ધન્ય ગુરૂ દેવારે.
શંકરરૂપ હો મહારાજ, જયગુરૂ દેવારે,
કરૂણાનિધાન શિરતાજ, ધન્ય ગુરૂ દેવારે.
રસના છે એકજ નાથ, જય ગુરૂ દેવારે,
જીવ શું ગાશે ગુણ ગાથ, ધન્ય ગુરૂ દેવારે.
ઇશ્વરકૃત જીવ અપાર, જયગુરૂ દેવારે,
ભવ સાગર ડુબે સાર, ધન્ય ગુરૂ દેવારે.
જો આપ ધરો કર હાથ, જયગુરૂ દેવારે,

તો પામું અભયપદ પાય, ધન્ય ગુરૂ દેવારે.
રજ ચર્ણુ તણેજ પ્રતાપ, જયગુરૂ દેવારે,
જીવ બાળે પાપ અમાપ, ધન્ય ગુરૂ દેવારે.
નખ જ્યોતિ અંતર વાસ, જય ગુરૂ દેવારે.
થાય બ્રહ્માનંદ પ્રકાશ, ધન્યગુરૂ દેવારે.
હું રંક વંક છું વામ, જયગુરૂ દેવારે,
નથી લેતો હરિનું નામ, ધન્ય ગુરૂ દેવારે.
મારા ઠાલા છે સૌ ઠાઠ, જય ગુરૂ દેવારે.
હું ભટકું ભુંડી બાઠ, ધન્ય ગુરૂ દેવા રે.
મૂળશંકર દેવ આધાર, જય ગુરૂ દેવારે,
મણિરામ તરે નિરધાર, ધન્ય ગુરૂ દેવારે.

રાગ—ગરબી.

વિષ્ણુ પદેથી નીકળ્યાં, ગંગાજી રે,
શીવ શીશ ધર્યા સાક્ષાત, કીર્તિ તાજી રે.
ભાગીરથી ભય નાશિકા, ગંગાજી રે,
મુની ચકોર ચાંદની રાત, કીર્તિ તાજી રે.
દેવો નર નાગે વંદિતા, ગંગાજી રે,
જય જાન્હવી જગની માત, કીર્તિ તાજી રે.
ત્રય લોક પવિત્રકારિણી, ગંગાજી રે,
પુન્યરાશી રૂપ પ્રપાત, કીર્તિ તાજી રે,
સૌ પાપ તણી પ્રક્ષાલિકા, ગંગાજી રે,
ત્રય તાપ હરણ પ્રખ્યાત, કીર્તિ તાજી રે.
બહુ તરંગ કેરી માલિકી, ગંગાજી રે,

ભમરીની ભારે ભાત, કીર્તિ તાજી રે.
સેવકજન રૂપા થાળમાં, ગંગાજી રે,
લાવે પૂજા વિધ વિધ ભાત, કીર્તિ તાજી રે.
કલ્પ તરૂ ભક્તો તણું, ગંગાજી રે,
સેવકની કરજો સખાત, કીર્તિ તાજી રે.
સચરાચર નિજ તટ વસે, ગંગાજી રે,
સમતાથી કરતાં શાંત, કીર્તિ તાજી રે.
મણિરામ પ્રેમ ચિત્તે ચાહે છે, ગંગાજી રે,
મનમાં કર પ્રેમ પ્રભાત કીર્તિ તાજી રે.

રાગ ગરબી.

શુભકારી કેશોદમાં વાઘેશ્વરીરે લોલ,
પ્રકટ પ્રેમભાવથીજ પરમેશ્વરી રે લોલ.
સરીતાને કિનારે રૂડું ધામ છે રે લોલ,
નથી નિરખ્યું તેનો વિધિ વામ છે રે લોલ.
સેવે સેવકો સરસ ભાવ ભક્તિથી રે લોલ,
પૂર્ણ કામ થાય છે મહા શક્તિથી રે લોલ.
પુરો પૂજાનો ઠાઠ રાખ્યો સ્નેહથી રે લોલ,
ગણે માતા વ્હાલાં પ્રાણ દેહથી રે લોલ.
નવરાત્રીમાં નવીન રંગ દીપતો રે લોલ,
ભભક ખીલતી ને સાજ સહુ ઓપતો રે લોલ.
સારા સોળે શણગારે માત શોભતાં રે લોલ,
કરી દર્શનને મુની મન લોભતાં રે લોલ.
ઝલક ઝળકે પ્રભાપુરી પ્રકટતીરે લોલ,
ગળે હાર અને મોતી માળ લટકતી રે લોલ.

બાજુ બંધ ચુડી હાથમાં ખલકતી રે લોલ,
કર્ણ ફુલ નથ નાક વિષે ઝલકતી રે લોલ.
કટી મેખળાનો નાદ બ્રહ્માંડે થતો રે લોલ,
ચર્ણમાંહે નેપુર રણકો છતો રે લોલ.
કડાં કાંબી ને કડલાં ખણુખણે રે લોલ,
પગે વીંછવાનો સુર સારો ઝણઝણે રે લોલ.
વાળી કરડાને વેઢલા મન હરેરે લોલ,
અંગે અંગ અતિ ઓપ દેખી દિલ ઠરે રે લોલ.
સુંદર ચુંદડી સુપ્રેમ પાકા રંગની રે લોલ,
ચોળી ચણીયાની ભાત ઉછરંગની રે લોલ.
આઠ ભુજામાં આયુધો આઠ છે રે લોલ,
રણ જંગે ચડવાનો રૂડો ઠાઠ છે રે લોલ.
ગુણો ગાતી વાણી મારી અટકતી રે લોલ,
ઘણા ગુણ જોઇ બુદ્ધ મારી છટકતી રે લોલ.
જગત માત દયા કરી દુઃખ કાપજો રે લોલ,
મણિરામ ચર્ણરજે સ્નેહ, આપનો રે લોલ.

રાગ—ગરબી.

મળી આનંદ લ્હાણુ, બહુ સુખ છે રે લોલ,
બલે બેસે ને કાણ, નહીં દુઃખ છે રે લોલ,
મળ્યો ભક્તિનો લાભ, બહુ.
કદી ત્રુટે જો આભ, નહી.
રીઝયા રામ રઘુરાજ, બહુ.
મોત આવે હો આજ, નહી.
થયું આત્માનું જાણ, બહુ.
ગમે તેવી થાય હાણ, નહી.

ભૂલ ભાંગી ભયકાર, બહુ.
નડે આવી વિકાર, નહી.
પરમ પ્રીતિ પીછાણી, બહુ.
બોલો બુરી જો વાણી, નહી.
પ્રેમ સાગરની છેલ, બહુ.
કહે લોકો ચસકેલ, નહી.
મણિરામ રખવાળ, બહુ.
ભલે વળગે જંજાળ, નહી.

રાગ—ગરબી.

લોભ લાલચ તજો મનમાંથી રે, રામજી નહીં ખીજે.
સંતસાધુના થઇ જાઓ સાથી રે, રામજી.
મેલ મનના મનનથી બાળોરે, રામજી.
પવિત્રાઇ પુરેપુરી પાળો રે, રામજી.
નફટાઈ નઠટાઇ ટાળો રે, રામજી.
મનમાંથી ગુમાનને ગાળો રે, રામજી.
ટુક રોટીનો રાંકને દેજો રે, રામજી.
નામ નારાયણનું લેજો રે, રામજી.
આશા અંતરની આઘી ધકેલો રે, રામજી.
જાળ જંજાળની સંકેલો રે, રામજી.
ચોવટ ચુકવ્યાની ટેવ જાઓ ચુકી રે, રામજી.
જગદીશ ચરણે પડો ઝુકી રે, રામજી.
મુકો મનોરથ મનમાં પૂળો રે, રામજી.
વાસનાનાં બાળો બુરાં મૂળો રે, રામજી.

સુખ દુઃખ ટાઢ તડકા સહેજો રે, રામજી.
રઘુવીરને આશરે રહેજો રે, રામજી.
પર ઉપકારમાં પ્રીત રાખોરે, રામજી.
રામ ચિંતનનો સ્વાદ ચિતે ચાખો રે, રામજી.
દમન સઉના બની સુખ લેવું રે, રામજી.
મણિરામ ભક્તિમાં મન દેવું રે, રામજી.

રાગ—કારતકે સાહેલી મુજ કંથ માયા મેલી.

જાનકીશ વારી જાઉં, શીદ ખોટ ખાલી ખાઉં,
ચિત્ત રામપદ ચાઉં, ગુણ ગાન તેનું ગાઉં.
ઉપજી છે ઉર પ્રીતિ, સંસારમાં અપ્રિતી,
ભાગી છે ભવ ભીતિ, જગ જાળ જાઉં જીતી,
મને રામ નામ લાધ્યું, પ્રેમ તાંતણે જ સાંધ્યું.
પ્યારે ગળેજ બાંધ્યું, અંતર સુખ વાધ્યું,
પ્રેમ મનમાં ન માતો, કેમ નથી સમાતો,
માણુરામ મદમાતો, જાઉં હજી કમાતો.

રાગ—એજ.

હે રામ! થાઓ બેલી, દેશો માં નાથ મેલી,
કીધી છે કુડી કેલી, ખેલો રહ્યો છું ખેલી;
તહ પ્રાણનાથ છેલી, આવી ન દેવી ઠેલી,
મુજ વૃત્તિ છેજ ઘેલી, ઝાઝી કરી છે જેલી. હે રામ.
કરતો હું બદફેલી, ન જાળ તો સંકેલી,
વાધા વિષયની વેલી, ભરી પાપનીજ થેલી;
બહુ વાસના છકેલી, ન અનાથ આપ ડેલી,
બાઇને ભમુંછું તેલી, મમતા નથી મરેલી. હે રામ.

મંડાણી કર્મ એલી, ગમતી ઘણી હવેલી,
રૂચતી નથી જ શેલી, ચિત્તવૃત્તિ છે ચળેલી;
નથી બાપડી બળેલી, પ્રિય પાદ ના વળેલી,
હડકાઇ છે હળેલી, શંકા થકી સળેલી. હે રામ.
વૃત્તિ મટાડો મેલી, કરો આપ ચર્ણચેલી,
પૂર પ્રેમની ભરેલી, સ્થિર સ્થાનમાં ઠરેલી;
મણિરામ પૂર પ્હેલી, કરો પાળ પ્રિય બ્હેલી,
દૃષ્ટિ દયા ભરેલી, કરી દોષ દો ધકેલી. હે રામ.

રાગ–ઢીંઢી.

પીડા પરને પમાડવા ન પ્રીતિ, તજું દિલથી તમામ હું અનીતિ,
ભજું ભાવે કુભાવ ના લગારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
દૈવયોગથી મળેલ ખૂબ માનું, કરૂં ખાલી ઝટ લોભ ક્ષોભ ખાનું,
સદા શાંતિ સંતોષમાં વધારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
ભીખ માગું ન કદી કોઇ પાસે, નહિં તણાવું આશ ફાંશ ત્રાસે,
ભ્રમ ભાગે ભવાટવિનો ભારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
મન રાચે પરોપકાર કામે, સ્વાર્થ માંહે ન થાય જરી હામે,
કાણુ વાણી તજાય સુવિચારે, એવો દિન હરિ આવશેજ ક્યારે,
જગતજાળ જીવથી છૂટી જાયે, મોહ મનમાંથી સાવ નાશ થાયે,
નષ્ટ પામે વિવેક ના વિકારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
કામ ક્રોધનો કપાળકુટ છૂટે, માન મદનું મહાન માન ત્રૂટે,
વિશ્વનાથ મને ના પડો વિસારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
દેહમાંથી છુટે હું ને મ્હારૂં, સુખ દુનિયનું બને ખાસ ખારૂં,
ભરૂં વૈરાગ્ય ભાવ હ્રદય મ્હારે, એવો દિન હરિ આવશેજ ક્યારે.
સર્વ માંહે સમાન ભાવ આવે, ચઢી બેસું હું ભક્તિ દૃઢ નાવે,
મણિરામ અહોનિશ ભજું પ્યારે, એવો દિન હરિ આવશે ક્યારે.

રાગ—રઘુપતિરામ હૃદયમાં રહેજોરે.

સંત સંગ સમાન ન કોઇરે, સારી સમજણ સહેલી સોઈ,
સુખ શાંતિ આપે પાપ ધોઇ, સમાગમ સાર છે સંસારે રે.
ખોટ ખાતાંની દે ઝટ ખોઇ રે, ઠાલા ઠાઠને દે છે ઠોઇ રે,
સંત ના પાડે બની ફોઇ, સમાગમ.
સંત આશ્ચર્યનો ભંડાર રે, આદિ અંત મળે નહિ પારરે,
હરિ સાથ કરે એક તાર, સમાગમ.
ભેદ ભાવ ટળે મનમાંથી રે, કરે સત્યતણા સઘ સાથી રે,
એક રૂપ કેરે કીડી હાથી, સમાગમ.
વસે મંગળ રૂપ સુદશે રે, ત્રય તાપ મટાડે આદેશે રે,
પરમાનંદ મેળવી દેશે, સમાગમ.
રામ નામ રટાવે શ્રીકાર રે, સંતો ત્યાગ કરાવે વિકાર,
મણિરામ કરે અવિકાર, સમાગમ.

રાગ—આજનો લ્હાવો લીજીયેજી.

જીવન ચાલ્યું જાય છે જી, શીદ જાવા દીયો છો. ટેક.
મારૂં તારૂં કરી, મૂરખ મિથ્યા, ખોટ કાં અમથી ખાયછેજી, શીદ.
આ જીવન મૃગ, જળના જેવું, જુઠી ઝાકળ જેવી છાંયછે જી, શીદ.
કમળદળો પર જળકણ પેરે, ઝટપટ નાશ થાય છે જી, શીદ.
ચેતો જ્યાં તક, હાથ રહી છે, પાછળ પસ્તાયે ન ઉપાય છેજી, શીદ.
રામમણિ રઘુનંદન ભજતાં, રામકૃષ્ણ ગોવિંદ ગાય છે જી, શીદ.

રા—તારા મનમાં જાણે કે મરવું નથી રે.

દીન રાતે શીખામણ દઉં ઘણી રે,
વેગે વંઠી વાઘરીવાડે જાય, મન સમજ નહિ શઠ સહેલથી રે.
માળા ગણવા બેસું રામજી તણી રે,
મચકેલું મોચીવાડે ધાય. મન.

શાંત કરી બેસાડું હરિ ધ્યાનમાં રે,
વિષય વાસનાની ગંધ લેવા જાય રે. મન.
જેમ વંઠી નારી ન રહે માનમાં રે,
તેમ છળ તું ન છેક કદી કાય. મન.
જેવું ઢોર હરાયું તેમ ભાટકે રે,
ખરી ખાંતે ખીલે ન બંધાય. મન.
પ્રસવ ટાણે પીડાય પીડે સાટકે રે,
તોય પાછી નારી પતિ ચ્હાય. મન.
વિષય ભોગે પીડા તેમ પામતું રે,
વળી વિષ્ટા ખાવા મન થાય. મન.
વાજ આવ્યો વૃત્તિ નથી વામતું રે,
મણિ જીતાય રામ થાય સ્હાય. મન.

રાગ—એજ.

ચક્ર માથે ભમે છે તારે કાળનું રે,
ઝડપ ઝડપી ખાશે ક્ષણ માંહી, ઝટ સમજી સંભાર સ્નેહે રામને રે.
મોત મારે મુકે નહીં કોઇને,
નથી રહેવાનું સ્થિર ઠરી આંહી. ઝટ.
વેળા વસમી મરણ તણી જાણજો,
જમદુતોના વિકાળ વેશ. ઝટ.
વિષ્ટા મુત્ર થશે તેને દેખતાં,
તને ઘસડે ઝાલી તારા કેશ. ઝટ.
માર મુગદળનો મોકમ મારશે રે,
કરગર તોએ છુટકો ન થાય. ઝટ.
મણિરામ ગુણ ગા થઇ ગળગળો રે,
જમદૂતો કાળે મોઢે જાય. ઝટ.

રાગ—એજ.

જેને વાહાલાં ગણ્યાં તે વેગળાં થયાં રે,
મોત ટાણે ન આવે કોઇ પાસ, મારી વંઠી વેળા રામ વાળજો રે.

કુડાં કામ કર્યાં જેને કારણે રે,
તેણે છેક કર્યો છે નિરાશ. મારી.

માતપિતા જે વાહાલ બતાવતાં રે,
ખોળામાંથી હેઠે નાંખ્યો ખાસ. મારી.

ભાઈ બેનો હું વિણુ ખાતાં નહીં રે,
મારે આંગણે ગળે છે મીઠા ગ્રાસ. મારી.

પ્રિય પત્ની કહેતી પ્યારો પ્રાણથી રે,
અન્ય પ્રેમની લાગી તેને પ્યાસ. મારી.

પ્રભુ મારૂં નથી કોઇ આ જગે રે,
મણિરામ હરિ એક તારી આશ. મારી.

રાગ—એજ.

હાથી ઘોડાગાડી રથ પાલખી રે,
સુંદર મ્યાનાતણા ચડનાર, ભુંડા હાલ થશે જમદ્વારમાં રે.

અણુવાણે પગે ચાલવું પડે રે,
ત્યાં દુઃખ કહે કોણ ખમનાર. ભુંડા.

પાશેર પોટકી ઉપાડતો હાથથી રે,
ખુલે શીર પાપ પોટકાંનો ભાર. ભુંડા.

પલંગ છત્રીવાળા અહીં પાથરો રે,
સુવા સાથરો નથી જમદ્વાર. ભુંડા.

ચા પાણી વિના નથી ચાલતું રે,
ટીપું પાણી નહીં મળશે ગમાર. ભુંડા.

મણિ રામનામ રંગમાં રમી રહો રે,
મારો વ્હાલો વેગે કરે વ્હાર. ભુંડા.

રાગ—ગોપીજનનાં તે પ્રાણ.

પોતાનો કરવા પ્યારા, વાર કરો માં,
વિલંબ થાતાં મારા, છૂટશે પ્રાણ,
વ્હાલા મ્હારે વહેલેરા વળજો રામ રંગીલા.
શરણે આવ્યાને ધક્કો, નાથ ન દેજો,
શરણાગત પાલક જાનુ, સાચવજો શ્યામ, વ્હાલા.
જાત ને ભાત મારી, નાત ન જોજો,
જોવાની રીત નથી, તમારે રામ, વ્હાલા.
ગીધડાની નાત ક્યારે, જોઇતી તમે તો,
ખોળામાં રાખી અંતે, લડાવ્યાં લાડ, વ્હાલા.
ભીલડાંની જાત જોવા, નજર ન કીધી,
ઉલટો માન્યો તમે, કેવટનો પાડ, વ્હાલા.
વાનર ને રીંછો કેવાં, મોટાં હતાં તે,
લક્ષેના લીધી કીધી, મોટી જો ભૂલ, વ્હાલા.
વિનોદ વાતો કરતાં, રંગે રમાડયાં,
કરતા વખાણ થાતા, આપે ત્યાં ફૂલ, વ્હાલા.
પથરને તાર્યા પ્રાણી, ભારે પડે શું,
દૃષ્ટિ દયાની નાખો, કરવા નિસ્તાર, વ્હાલા.
કપુત કબાડી હુતો, કુટીલ ઘણો હું,
મોઘેરૂં થાય ફુટી, બદામે મૂલ, વ્હાલા.
રામમણિ નિજ પદમાં પહોંચાડો,
ઓઢાડો પ્રેમે પ્રેમ રંગની ઝૂલ, વ્હાલા.

રાગ—વ્હાલો મારો સાચાનો સંગાથી રામ.

હરિરામ ચડો મુજ વ્હારે રામ, દીનબંધુ સ્વામી,
તુજ વિણ દુઃખ નિવારે રામ, દીન બંધુ સ્વામી. ટેક.
રઘુવર છો દીન દયાળા, કરૂણાસીંધુજ કૃપાળા,
થઇ દીન રટું રઢીયાળા રામ, દીનબંધુ.

તું ગરિબ નિવાજી સારો, હું ગરિબ બન્યો છું તારો,
હરિ આણો હવે તો આરો રામ, દીનબંધુ.
છો પતિતપાવન સ્વામી, હું પતિત પડ્યો છું વામી,
પ્રિય પાવન કર્યા બહુ નામી રામ, દીનબંધુ.
રંકો રઘુવરને વ્હાલા, થઈ રંક જપું છું માલા,
કાને ધર કાલાવાલા રામ, દીનબંધુ.
અધમોને રામ ઉધારે, મરતાને તુંજ ઉગારે,
મણિ શરણ પડી પુકારે રામ, દીનબંધુ.

રાગ—એજ.

હવે હારી થઈ હું હાર્યો રામ, રામ રામ રામા.
શ્રીકમજી કેમ ન તાર્યો રામ, રામ રામ રામા.
ખર થઈને ભાર ઉપાડ્યો, બહુ ખાસો ખેલ લગાડ્યો,
જીવનજી જન્મ નશાડ્યો રામ, રામ.
બહુવાર બળદ થઈ બળમાં, બાળ્યા અવતારો વળમાં,
અંતર અવળી ચળવળમાં રામ, રામ.
થઈ ઉંટ ખુંટને હાથી, સર્પોના થઈને સાથી,
અવતાર ધર્યા બહુ ત્હાથી રામ, રામ.
કુત્તાપેરે રડવડીયો, મેં ઝાઝી કાઢી હડીયો,
મણિરામ શરણમાં પડીયો રામ, રામ.

રાગ—એજ.

જડ જાગ્ય તજીને નિંદ્રા જીવ, ઉંઘ કશી આવે,
તું ત્યાગ તમોગુણ તંદ્રા જીવ, ઉંઘ કસી આવે. ટેક.
શિર કાળ રહ્યો છે કોપી, છે પળમાં નાંખે લોપી,
પહેરાવે અવળી ટોપી જીવ, ઉંઘ.
નિરધાર નહીં એક પળનો, વિશ્વાસ કરો નહિ બળનો,
કાયા લોચો છે મળનો જીવ, ઉંઘ.
જો પાણી વહેતું જાયે, જો પાળ કરી રોકાયે,

તો કારજ સિધ્ધિ થાયે જીવ, હં૦ પ.
સંસાર સ્વપ્નસમ જાણો, માયાની મોજ ન માણો,
અંતે કરશે તે હાણો જીવ, હં૦ પ.
એળે જન્મારો ખોયો, આખો આ ભવ તેં ખોયો,
મણિરામ પછી શું રોયો જીવ, હં૦ પ.

રાગ–ધોળ.

રામ રટે જીવ આગ ઓલાયે, શાંતિ અંતર અતિ થાયે રે.
સીતારામ ભજી લે.
કાળ કળિ મળરૂપ ગણાયે, પાપનિધિ જ ભણાયે રે, સીતા૦
કર્મ બને નહિ સાંગ કદાપી, બુદ્ધિ બનેલી છે પાપી રે, સીતા૦
ચિત્રમાં સુરજ હોય પ્રતાપી, રાત શકે નહિં કાપી રે, સીતા૦
જ્ઞાન અનુભવવિણ નકામું ચોખું કરે નહિ નામું રે, સીતા૦
ખોટે દિલે નહિં વાગે દદામું, હેરાય હરિ સામું રે, સીતા૦

યોગ વિરાગનું જોર ન ચાલે, જમડા મારે જ્યારે ભાલે રે, સીતા૦
બાવળિયા પુરા પાપના ફાલે, ખોટ ખરી ત્યારે સાલેરે, સીતા૦
કાગળની ઢાલ ને ખાખરાને ખાંડે, સંગ્રામ શી રીતે માંડેરે, સીતા૦
જાતાં જાતાં મન હિંમત છોડે, ઉલટી નારી નિજ રાંડે રે, સીતા૦
રાખના રૂપિયા રાખ ન થાયે, ભડકો ન ભુખનો બુઝાયેરે, સીતા૦
ગારાની ગાય નહિ દુધ પાયે, છાશ છોરૂ ક્યાંથી ખાયેરે, સીતા૦

જોગ વેરાગ કળિના છે ખોટા, માંહે પ્રેમના ટોટા રે, સીતા૦
જ્ઞાનની વાતોના ગડબડ ગોટા, જેવા પાણી પરપોટા રે, સીતા૦
તત્વમસી મુખે મૂઢ જે બકતા, જાયે અભિમાને છકતા રે, સીતા૦
ભડભડતા અનુભવી ન શકતા, લેશ નથી સ્થાને ટકતારે, સીતા૦

રામ ભજે જન તે જગ ખાટે, જન્મ મૃત્યુ ખત ફાટે રે, સીતા૦
રામ ખરૂં ધન અંતર દાટે, ખોટ ન આવે એ સાટે રે, સીતા૦
પ્રીતિ પુરી રામ નામે કરી લે, રામમાં બુદ્ધિ ધરી લેરે, સીતા૦
પ્રેમે કરી મણિરામ વરી લે, નામ સુક્ષેત્ર ચરી લે રે, સીતા૦

રાગ–દેખો સખી ડોલરીયો.

ધન્યવાદ ભારતીય ભક્તિ, હજાર વાર પ્રણમું સુપ્રેમે. ટેક.
વીરતા વિશાળ કાળ કોપે ડરે ના
સત્ય ધર્મ કર્મ વર્મ શક્તિ. હજાર.
ધીરતા ગંભીરતા સુશીલતા સુહાગી
ખાસ વિષય વાસના અસક્તિ. હજાર.
ભેદ કેદ ખેદ છેદ વાક્ય વીણા
વાગે અપાર દાખે યુક્તિ. હજાર.
શ્વેત કેતુ કીર્તિ જગે ફરકે પતાકા
રામ મણિ એ અભેદ વ્યક્તિ. હજાર.

રાગ–હરિગીત.

* પ્રિય! છોટ તન ધરી હે! પ્રિયાત્મા! વિશ્વમાં આવી વસ્યો,
અતિ બાળ વયમાં લય હરિમાં લાવી ભક્તિ પથ ધર્યો,
હે! રામકૃષ્ણ ગજાવતાં ગોવિંદ સ્મરતો ગેલમાં,
અધુરેજ રામપ્રસાદ! ભાગ્યો શું દગો દઇ ખેલમાં. ૧

જે વૃદ્ધથી બનતું નથી તે બાળપણમાં આદર્યું,
લીલા બતાવી ભક્તિરસની દ્વાર દાખ્યું પાધરૂં;
હજુ નિરખવા સવિશેષ આશા નષ્ટ કરી પ્રિય! બાળ તેં,
સંગી હ્રદય વિદારીયાં હરિ ધામ દેતાં ફાળ તેં. ૨

તેં તો કરી પુરી કમાણી પણ વળ્યું ઉંધું અહિં,
અમ ભાગ્ય હીણપ બાલુડા! જાતી નથી કેમે કહિં;
તવ અંબ મોંઘી અશ્રુધારા હ્રદય ફાટ વહાવતી,
તવતાત પુરૂષોત્તમ હ્રદયની દાઝ કહી જાતી નથી. ૩

---

* ભક્તરાજ શેઠ પુરૂષોત્તમ નાનજીના સુપુત્ર યોગભ્રષ્ટ જન્મ-ભક્તમણિ ભાઇ રામપ્રસાદ સ્વધામ પધારતાં પ્રેમપુષ્પાંજલી.

સૌ સંગી શોકાતુર રોતા મૂકી ચાલ્યો હીરલા!
ન દયા જ લાગી લેશ કોની, શું કર્યું ? પ્રિય! વીર! હા!
મણિરામ ધામે સંચર્યો સુખભવન સ્વાનંદે ઠરી,
રહેજે અખંડ; અમો અહીં રોશું સદાય બળી મરી. ૪

રાગ–શાર્દૂલ.

શોકોદ્ગાર વડે અહો! લહરિ આ ઉભરાવવી શી! પડી
હા! વિધિએ ઘટના અરે! અવળ આ મમ ભાગ્યમાં શી! ઘડી
દાવાગ્નિ નથી હા! ઠર્યો જરી અરે! રામાગ્નિ કેરો ખરે
હોમ્યું હા! ઘૃત અમીમાં અરર શું જાતાં જટાશંકરે. ૧
પ્રેમીલું પ્રિય હૃદયને સરલતા શાંતિ સુગુણોવડે
શોભીતી ભર હા! યુવાનીજ વિષે નાઠો હવે ક્યાં જડે
વ્હાલા! વિઠ્ઠલનાથજી તણી સદા સેવા કરી ભાવથી
શું ખેંચ્યો હરિએ તને પ્રિય! અહો! સેવા રૂપી નાવથી. ૨
મેલી માવડીની કશી ધરી નહિં તેં દાઝ કાં દીલમાં
મોટી બા! કરી કે શું નિરાશ ઉપડયો પુગ્યો સ્વયં ટીલમાં
સ્નેહીનાં સુખ સ્વપ્ન સૌ અર! ર! મેલ્યાં બધાં ધૂળમાં
વ્હાલુડા! કીધ કારી ઘા વિષમ તેં વાગ્યો ખરો મૂળમાં. ૩
સ્વાર્થી હા! સગપણ બધાં રોઇએ અમો સ્વાર્થમાં
નિસ્વાર્થિ પદ તેં સ્વીકાર કરીયું, સમજ્યો પરા અર્થમાં
સ્વીકારી હૃદયાંજલી સ્વરસની વસજે ધણી ધામમાં
હા! મણિરામ સ્વધામમાં વિલસને પ્રીતિ ધરી નામમાં.× ૪

× સદ્ગત ભાઇ જટાશંકર પ્રત્યે સ્નેહ સ્મરણાંજલી.

રાગ-લલીત.

બાલ ! મન સુખા ! લાડીલા અહો !
ત્રય ત્રિપૂટીએ સંપ શું કર્યો ?
નહિં જરા દયા કોઇની ધરી
ખીલતી વયે ખેપ આદરી. ૧

વાટ માશીબાનીન જોઇ શું ?
પ્રિય ! ગયો વળી, સકળ રોઇશું
દાઝદાધ હા ! દીલ મૂળમાં
ઉઠી પડયા અતિ સુક્ષ્મ સ્થૂળમાં. ૨

વિરસવિશ્વ શું લાગ્યું વ્હાલુડા ?
કે ગયો ઉડી, કુમળ કાલુડાં !
માતભ્રાતની સ્નેહ સાંકળો
ત્રોડી ફોડીને સ્વપથ સંચર્યો. ૩

રામધામમાં આસને મણિ
રૂપ વસી સદા શાંતિમાં ઘણી
હૃદયદાઝની આશિષો કહું
સુખની ઝાંખીના ક્યાંય હું લહું.* ૪

રાગ-દેખો સખી ડોલરીયો.

સંત સંગ દીર્ઘ કાળ થાતાં, સુસંગ રંગ લાગે સાચોરે. ટેક.
બુદ્ધિ બુંઠાઇ બળે મેલું મન સુધરે, કલ્પના કુચોર દૂર જાતાં. સુ.
વાસના કુજંગલે આગ ઝટ લાગે, લાજ ચડે ખોટ ખૂબ ખાતાં. સુ.
નેણુ વેણુ પલટે ને આનંદ ઉલ્લસે, જીવ શીખે પરમપદ ધાતાં. સુ.
રામમણિ ધૂત મચે શાંતિમાં વિચરો, થાકે ન હરિ ગુણ ગાતાં. સુ.

---

* સ્વર્ગસ્થ ચિ. મનઃસુખલાલ પ્રત્યે નિવાપાંજલી.

રાગ–આરતિ.

અચળેશ્વર અધિરાજ, જય જય શીવ સુખદા. હર૦
નામ નાવ જગમાંજ, તારકરૂપ ત્રિપદા. જયદેવ જયદેવ.
વાઘાંબર સુખ કર હે! શંકર આસન છે. હર૦
નામ પ્રતાપ પ્રકાશક, ભવ ભય ત્રાસન છે. જય૦
ગૌરવર્ણ ડોલરીયો, ચંદ્ર સમો તનનો. હર૦
ચળક ચળક ચળકે છે, પ્રકાશ આનનનો, જય૦
નયનકંજ સુખ પંકજ, છબીપર બલિહારી. હર૦
વિશાળ ભાલે ઝલકે, બાલેંદુ ભારી. જય૦
ભુજ પ્રલંબ વિશાળ, પંચાનન પ્રભુજી. હર૦
ત્રીપુરાંતક ત્રિનેત્રી, વ્યાપક હે! વિભુજી. જય૦
ભુજંગ ભુતિ વિભુષણ, શોભે સર્વાંગે, હર૦
શીશ જટા તડી તાશી, ઉમીયા અર્ધાંગે. જય૦
ગંગ તરંગ સુરંગ, કરતી કીલ્લોલા. હર૦
નંદીશ્વર સન્મુખમાં, શ્રુતિ કુંડલ લોલા. જય૦
નીલકંઠ મુંડકની, માળ ગળે ધારી. હર૦
સુરસેનપ નાગાનન, અંકે સુખકારી. જય૦
ડમરૂ ડાક પિનાક, ખડગ ત્રિશુળ ધરીયું. હર૦
કૃપાર્ણવા કરૂણાકર, જન ભવ દુઃખ હર્યું. જય૦
મોર સિંહ કચ્છપને, સર્પ મુષક નંદી. હર૦
સહજ વૈરી પણ સામ્યે, વસતાં આનંદી. જય૦
સહજાનંદ સ્વરૂપ, જગ કલ્યાણ કરો. હર૦
અચળેશ્વર રામેશ્વર, પ્રભુ આનંદ ભરો. જય૦

રાગ–રામનું રામનું રામનુ રે.

હાંક માં હાંક માં હાંક માં રે, હરિ ભજતાં, ગપાટા તું હાંક માં. ટેક.
હરિ ભજનામૃત પૂર વિધુને, રાહુ પેરે પાપી ઢાંકમાં રે, હરિ.
કેમ કલંક બને જીવ કોડા, રામ ભક્તિ સુ શશાંક માં રે, હરિ.
લાભ અનંત મુકી કાં બાંધે, વંઠી વૃત્તિ નવટાંકમાં રે, હરિ.
ભજને શૂરો સિંહ બની જા લેખામાં લુંડા રાંકમાં રે, હરિ.
ભાઇ ભણી લે ભક્તિ ભેદો, રૂ, ઘી કપાશ ભાવ આંકમાં રે, હરિ.
જન પ્રભુ રામ ભજી જા છુટી, ઉલટો આવી જા ન વાંકમાં રે, હરિ.

રાગ–એજ.

ઠોક માં ઠોક માં ઠોક માં રે, ભજન વેળા, તું ચાપડા ઠોક માં. ટેક.
રામ રસાયણ શાસ્ત્રો તજીને. કર માં કામી હેત કોકમાં રે, ભજન.
આદરભાવ સુમાન મૂકીને, ખા માં ગાળો ઉભો ચોકમાં રે, ભજન.
કુથલી હેવા ટળવા ટાણે, ફંદે ફસા શીદ ફોકમાં રે, ભજન.
દે પ્રીતિરસ ઝરણું ઝરવા, ચાલુ પ્રવાહને રોકમાં રે. ભજન.
મૌન્ય ધરી હરિરસ લે માણી, લવરીની વાતો વિલોકમાં રે, ભજન.
ઝીલી લે પ્રભુરામ રસે જીવ, જડશે ન ગોતે ત્રિલોકમાં રે, ભજન.

રાગ–એજ.

તોળ માં તોળ માં તોળમાં રે, ભજન વેળા વંત્યાકડા તોળ માં. ટેક.
ખર મૂતર પીવા ચહી પાપી, ભક્તિસુધા જામ ઢોળમાં રે, ભજન.
ભજનાનંદી ખાજાં મૂકી, નિંદ્રા રૂપી ખોળ ખોળ માં રે, ભજન.
જાગ્રત થાવાની તક ચૂકી, ઝોલામાં જીવડો રોળ માં રે, ભજન.
ભાવ દિલે ભરવાનું ભૂલી, ચે–પડાળી આંખ ચોળમાં રે, ભજન.
ઉત્તેજીત બનવાનુ વિસરી, જા માં પ્રમાદની પોળમાં રે, ભજન.
ઉંઘ તજી પ્રભુરામ ભજી લે, ઘેનમાં રહી કુળ ખોળમાં રે, ભજન.

વિજ્ઞપ્તિ.

રામવીણા	....	રૂ. ૧-૧૨—૦
રામાજ્ઞા	....	રૂ. ૦—૩—૦
મણિરત્નમાલા	....	રૂ. ૦—૧—૦
સંગીત ગીતા		કિંમત અમૂલ્ય.
સ્તોત્ર ષટક		,,
રામલહરિ-લ્હેર ૧ લીથી ૮ મી સુધી.		,,

મળવાનાં ઠેકાણાં:—

શેઠ પુરૂષોત્તમ નાનજી પ્રકાશક: રામવીણા તથા રામાજ્ઞા મુ. કેશોદ—(કાઠિયાવાડ)	રા. રા. નવનિધરાય ઇચ્છા- શંકર કીકાણી ઠે. બજાર ફળિયા મુ. જુનાગઢ—(કાઠિયાવાડ)